# 2. ભાવનગર રાજ્ય ની ભૌગોલિક પૃષ્ઠભૂમિ

## પ્રસ્તાવના

ભાવનગર રાજ્યની ભૌગોલીક પરીસ્થિતી મહત્વની છેભાવનગર રાજ્યને . આ ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્રના .અરબ સાગરના દરિયા કિનારાનો પણ લાભ મળે છે તેની ઉત્તર દિશામાં અમદાવાદ .અગ્નિખૂણામાં આવેલું છે, પુર્વમાં ખંભાતનો અખાત આવેલા છેભાવનગરની .દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે અમરેલી જિલ્લો આવેલો છે . ભાવનગર રાજ્યનું ભૃપુષ્ટ બે .આબોહવા સમુદ્ર કિનારાને લીધે વાતાનુકુલ રહે છે જેમાં પશ્ચિમ વિભાગ છુટી છવાઇ ટેકરીઓ વાળો છે અને પુર્વ .વિભાગમાં વહેચાયેલું છે વિભાગ દરિયા કિનારાનો છે. આ ભાવનગર રાજ્ય પહેલાં દસ મહાલો(જિલ્લા જેવો વહીવટી વિભાગ)માં વહેંચાયેલુ હતું. ભાવનગરની ભૂમિના ચાર વિભાગો પાડવામાં આવે છે. ભાવનગર રાજયનો દરિયા કિનારો અંદાજે 120 કિ.મી વિસ્તારમાં ફેલાયેલો છે. સૌરષ્ટ્રની કાળુભાર અને ઘેલો જેવી નદીઓ દ્વારા સમગ્ર ભાવનગર રાજયમાં ખાડીઓ પણ બનેલી છે. વર્તમાનમાં ભાવનગરના અલંગના દરિયા કાંઠે જહાજ તોડવાનો ઉધોગ પણ વિકસ્યો છે. ભાવનગર જિલ્લાની સૌથી મોટી નદી શેત્રુંજી છે. તે લગભગ 174 કિમી લાંબી છે. ભાવનગરમાં આવેલા ડુંગરોમાં સૌથી મોટો ડુંગર શેત્રુંજય ડુંગર છે. આ ઉપરાંત ભાવનગરમાં ખનીજ સંપતિ પણ મળી આવે છે. અહિં ખેતી અને પશુપાલનનો વ્યવસાય મોટા પ્રમાણમાં થાય છે. સાથે સાથે અન્ય નાના-મોટાં ઉધોગો પણ વિકસ્યા છે. ભાવનગરમાં ‘કાળિયાર રાષ્ટ્રિય ઉધાન આવેલુ. છે. ભાવનગર ને એક કલા નગરી અને સાંસ્કુતિક નગરી તરિકે ઓળખવામાં આવે છે. ભાવનગરમાં આવેલા શેત્રુંજી ડુંગર ઉપર નાં જૈન મંદિરો અત્યંત રમણીય છે દેશભરમાં થી અનેક જૈન તેમજ જૈનતર પ્રવાસીઓ એના પ્રવાસે આવતાં હોય છે.

**ભાવનગર શહેર** એ ભારત દેશના પશ્ચિમ ભાગમાં ગુજરાત રાજ્યમાં આવેલા ભાવનગર જિલ્લાનું મુખ્ય મથક અને ગુજરાત રાજ્યનું પાંચમા નંબરનું મોટું શહેર છે. ભાવનગરની સ્થાપના 1723માં ભાવસિંહજી ગોહીલ (1703-1764) દ્વારા કરવામાં આવી હતી. ભારતના ગણતંત્રમાં ભળ્યુ એ પહેલાં સુધી, એક સ્થનિક રજવાડું હતું. ગુજરાત રાજ્યની વર્તમાન રાજધાની ગાંધીનગરથી ભાવનગરનું અંતર ૨૨૦ કિ.મી. છે. ભાવનગર ખંભાતના અખાતની પશ્ચિમે આવેલ છે.

## 2.1 ભાવનગરનું સ્થાન અને સીમા

ભાવનગર સૌરાષ્ટ્રના પૂર્વીય તટ પર સ્થિત એક દરિયાઇ શહેર છે અક્ષાંસ 21,77 ° N 72,15 ° E ઉપર આવેલું છે.[1] તે 24 મીટર (78 ફુટ) ની સરેરાશ ઊંચાઈ ધરાવે છે. તે 53,30 ચોરસ કિ.મી. વિસ્તાર ધરાવે છે.

ભાવનગર ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિભાગના અગ્નિખૂણામાં આવેલ છે. તે 21-18 થી 22-18[2] ઉત્તરે રાણપુર, અમદાવાદ, , ઝાલાવાડ અને ખંભાત, પૂર્વે ખંભાતનો અખાત અને ધંધુકા, દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે સોરઠ, કાઠિયાવાડ ( તળ) અને ગાયકવાડનો પ્રદેશ આવેલા હતા.[3]

ભાવનગર રાજ્યમાં કુલ 666 ગામડાઓ હતા. તેની સંભાળ અને યોગ્ય વહીવટ માટે દશ મહાલો હતા. ભાવનગર, મહુવા, કુંડલા, શિહોર, ઉમરાળા, ગઢડા, બોટાદ, લિલિયા, રાજુલા (વિકટર) અને તળાજા.[4]

**ભાવનગર રાજયનો નકશો, [૧૯૨૨]**




| ભાવનગર ની માહિતી | | |
|---|---|---|
| • | સ્થાપના | ૧૭૨૩ |
| • | ભારતની સ્વતંત્રતા | ૧૯૪૮ |
| વિસ્તાર | | |
| • | 1872 | ૭,૨૧૦ km$^2$ (૨,૭૮૪ sq mi) |
| • | 1891 | ૭,૬૬૯ km$^2$ (૨,૯૬૧ sq mi) |
| વસ્તી | | |
| • | 1872 | ૪,૨૮,૫૦૦ |
| | ગીચતા | ૫૯.૪ /km$^2$ (૧૫૩.૯ /sq mi) |
| • | 1891 | ૪,૬૪,૬૭૧ |
| | ગીચતા | ૬૦.૬ /km$^2$ (૧૫૬.૯ /sq mi) |

**કોઠા ક્રમાંક-3 ભાવનગર નો રાજવાડી નકશો અને ભાવનગર રાજયની માહિતી**

1 લી જુલાઈ, 1959 માં 'ભાવનગર જિલ્લો' નામકરણ થતા પૂર્વમાં ખંભાતનો અખાત, પશ્ચિમે રાજકોટ અને અમરેલી જિલ્લો, ઉત્તરે અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લો તથા દક્ષિણે અરબી સમુદ્ર આવેલ છે.

## 2.2 ભૂગોળ અને આબોહવા

**સ્થાનિક ભૂગોળ તથા ભાવનગર ની ભૌગોલિક લાક્ષણિકતાઓ અને પ્રભાવ :**

કોઈ પણ સભ્યતા અને સંસ્કૃતિ સમજવા મૂલવવા માટે તે જ્યાં વિકસી છે, એ પ્રદેશનો પરિચય આવશ્યક ગણાય છે, કારણ કે પ્રજાના સામાજિક, આર્થિક ઘડતર માં ધરતી, પાણી, હવામાન, પશુ- પક્ષી, વનસ્પતિ, સમગ્ર પર્યાવરણનો ફાળો હોય છે. તેની જાણકારીથી તે પ્રદેશની સામાજિક લાક્ષણિકતાઓ જાણી શકાય છે.[5] ભાવનગર જિલ્લાના 807 ગામો છે, તેમાં 215 ગામોના સ્થળના ટેકરા, પાણીવાળી જગ્યા, વાવ, કૂવા તળાવ પર થી છે, 175 ગામ વનસ્પતિ સૂચક છે 11 ગામ પ્રાણી સૂચક છે. 7 ગામ પ્રકૃતિ સૂચક છે, 4 ગામ પક્ષી સૂચક છે. 6 ગામ સમય સૂચક છે. 3 ગામ આકાર સૂચક છે. બીજા ગામો વ્યક્તિ સૂચક, જાતિ સૂચક, વસવાટ સૂચક, ધાર્મિક સૂચક, પ્રવૃત્તિ સૂચક, સમૂહ સૂચક, વર્ગ સૂચક, ધંધા સૂચક, ઐતિહાસિક સૂચક અને અસ્પષ્ટ છે.[6] આ દ્રષ્ટિએ કોઈ પણ પ્રદેશનો ઈતિહાસ તેની ભૌગલિક પૃષ્ઠભૂમી ઉપર રચાય છે. વાતાવરણ કે આબોહવાના ઉપયોગથી કોઈપણ અંધકારમય સ્થાનને પણ ઉજ્જવળ બનાવી શકાય છે. પ્રદેશની ભૌગોલિકતા જ તેનો ઈતિહાસ ઘડે છે અને બગાડે પણ છે. જેમ કે ઇંગ્લેન્ડ અને જાપાનના પ્રગતિના ઈતિહાસ માં સમુદ્રનો મોટો ફાળો છે. એમ ભારતના ખૈબર ઘાટે અનેક આક્રમણકરી ઓને ભારત પ્રવેશની સુવિધા આપી હતી.[7]

પ્રત્યેક સમુદાય પોતાના ભૌગોલિક વાતાવરણ સાથે અનુકુળતા સ્થાપી તે અનુસાર રીત- રિવાજ, આચાર- વિચાર, ધર્મ અને કાર્યનું અનુસરણ કરે છે. મનુષ્ય કોઈ પણ વાતાવરણમાં રહે પણ તેની મૂળભૂત જરૂરિયાત જેવી કે ભોજન , જળ, વસ્ત્ર, ઓજાર, વાહનવ્યવહાર અને બીજા સાધનો તેની બુદ્ધિ ના વિકાસની સાથે વિકસાવે છે. કૌશલ્ય પ્રધાન પ્રવૃત્તિઓના વિકાસની સાથે શાસન, શિક્ષા, વિજ્ઞાન, ધર્મ, કલા અને સાહિત્યનો ઉત્કૃષ્ટ વિકાસ સાધી સભ્યતા ના ઉચ્ચત્તમ બિરુદો મેળવે છે.[8] મનુષ્ય પોતાના પ્રાકૃતિક વાતાવરણના પરિપેક્ષ્યમાં સમસ્ત કાર્યો કરે છે. એ રીતે ભૌગોલિક સ્થિતિ મનુષ્ય ને પોતાની ભૂમિકાનો અભિનય કરવા માટે રંગમંચ પૂરું પાડે છે.[9] તેથી જે તે પ્રદેશના પ્રાકૃતિક રંગમંચનું અવલોકન કરવું જરૂરી છે.[10] પ્રદેશનો ઈતિહાસ એ ભૌગોલિક સ્થિતિ ની ઉપજ છે અને બંને વચ્ચે કાર્યકારણનો સબંધ છે. ઈતિહાસ એ કાર્ય

છે, તો ભૌગોલિક પરિસ્થિતિ એ કારણ છે. પ્રદેશના માનવજીવન ઉપર ભૂમિ, રણ, મેદાન, પર્વત, નદી, સમુદ્ર, પાડોશીઓ આ બધા જ પ્રાકૃતિક અંગોના રાજકીય, આર્થિક અને સંસ્કૃતિક ક્ષેત્રે પ્રભાવ પડે છે.

બ્રિટીશરોના આગમન પહેલા ભૌગોલિક લાક્ષણિકતાના જ્ઞાન ની ઉપેક્ષા થતી રહી છે. જો કે પ્રાચીન સમયમાં સાહિત્યમાં ભૌગોલિક સ્થિતિ ના લાભથી દેશના લોકો પરિચિત હતા એવા ઉલ્લેખો છે. પ્રગતિશીલ પ્રજા માટે તો ભૌગોલિક જ્ઞાન અનિવાર્ય ગણવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની ભૌગોલિક લાક્ષણિકતાઓમાં તો ભાવનગરની ભૌગોલિક સ્થિતિને જીવંત નાના મગજ અને એક ધબકતા હૃદય જેવું સ્થાન મળ્યું છે.[11]

## 2.3 ભાવનગરના પ્રાકૃતિક વિભાગો

ભાવનગર ની ભૂપૃષ્ઠ રચના મુખ્યત્વે બે વિભાગમાં વહેચાયેલી છે. એક પૂર્વ વિભાગ અને બીજો પશ્ચિમ વિભાગ જેમાં પશ્ચિમ વિભાગ છૂટી છવાઈ ટેકરીઓવાળો છે. જે સવારકુંડલા અને પાલીતાણા માંથી પસાર થાય છે. બીજો બોટાદ અને ગઢડા તાલુકાની પશ્ચિમ હદ પર પથરાયેલો છે. જયારે પૂર્વનો ભાલ પ્રદેશ અને સમુદ્રતટ વિસ્તારમાં આવેલો છે. જે સપાટ અને નીચાણવાળા વિસ્તારમાં પથરાયેલ છે. ભાવનાગરની દરિયાઈ પટ્ટી બીજા પ્રદેશોની સરખામણી માં સપાટ ઢોળાવાની છે. શિહોર, સવારકુંડલા, પાલીતાણા વિસ્તાર ડુંગરાળ અને સપાટ છે. ભાવનગરથી તળાજાનો વિસ્તાર 'ઘોઘાબારા' તરીકે ઓળખાય છે. તળાજાથી મહુવા સુધીનો કાંઠાનો પ્રદેશ વધારે વરસાદવાળો છે, તેથી ફળાઉ ઝાડ અને નાળિયેરીઓ થી લીલા છમ છે. તો પાલીતાણા, ગઢડા, સવારકુંડલા અને બોટાદનો પ્રદેશ ઓછા વરસાદવાળો ને સૂકો હોવાથી ઓછો લીલા છમ છે. વલ્લભીપુર એ ભાલ વિસ્તારનો એક ભાગ છે. અહીં ખારાશવાળી જમીન છે અને તેની અસર ખેતપેદાશો પર જોવા મળે છે.[12]

આ પ્રદેશની પ્રાકૃતિક ભૂ-રચના ભૂખરા અગ્નિકૃત ખડકોવાળી છે. કિનારાની પટ્ટીવાળી જમીનનું સ્તર ઊંડું અને વધારે સપાટ છે. [13]

ભાવનગર રાજ્ય મુખ્ય 10 વિસ્તારો માં વહેંચાયેલું હતું. ભાવનગર રાજ્ય 10 મહાલ અથવા પરગણાનું બનેલું હતુ. આ દરેક વિસ્તારો એ ભાવનગર રાજ્ય ના વિકાસ માં ખૂબ મહત્વનું પ્રદાન આપેલું છે.

1. દસક્રોહી
2. ઉમરાળા
3. શિહોર
4. બોટાદ
5. મહુવા
6. ગઢડા
7. કુંડલા
8. ભાલ
9. લીલીયા
10. તળાજા

## 2.4 ભૂમિ, મેદાન અને ટેકરીવાળા પ્રદેશો

ભાવનગર ની ભૂમિના ચાર વિભાગો પાડવામાં આવે છે અને ચાર દિશા ઉત્તર, દક્ષિણ, પૂર્વ. અને પશ્ચિમ વિભાગ માં વહેંચાયેલું છે.

### 2.4.1 ઉત્તર વિભાગ

આ વિભાગ માં બોટાદ, ગઢડા અને ઉમરાળા તાલુકા આવેલા છે. આ વિસ્તારની જમીન મધ્યકાળી અને સપાટ છે. અછતની પરિસ્થિતિ ઊભી થાય છે, પરંતુ નહેરની સગવડતા પૂરી થતા સિંચાઈ દ્વારા ખેતી થઇ શકે છે. મગફળી, કપાસ અને બાજરી મુખ્ય પાકો છે.

### 2.4.2 દક્ષિણ વિભાગ

આ વિભાગમાં તળાજા, મહુવા અને સવારકુંડલાનો સમાવેશ થાય છે. તળાજા અને મહુવાએ દરિયાકાંઠાનો વિસ્તાર ધરાવે છે. આ વિસ્તારની જમીન મધ્યમકાળી છે. શેત્રુંજી ડેમ ને લીધે સિંચાઈ થઇ શકે છે. મગફળી, કપાસ, બાજરી મુખ્ય પાકો છે. ડુંગળીનો પાક પણ થાય છે. દરિયાપટ્ટીને લીધે પાણીના તળમાં ખારાશ આવી ગઈ છે.

### 2.4.3 પૂર્વ વિભાગ

આ વિભાગ માં વલ્લભીપુર, ભાવનગર અને ઘોઘા આવેલા છે. આ વિસ્તારની જમીન મધ્યકાળી છે આ વિસ્તારના મુખ્ય પાકો બાજરી, મગફળી, જુવાર, અને કપાસ છે. ભાલ વિસ્તારમાં ભાલિયા, ઘઉં, તલ, ચણાનો પાક થાય છે.

#### 2.4.4 પશ્ચિમ વિભાગ

આ વિભાગ માં શિહોર, પાલીતાણા અને ગારીયાધારનો સમાવેશ થાય છે. આ વિસ્તારની જમીન ખડકાળ અને ટેકરીઓ વાળી છે. તેના લીધે આ વિસ્તારમાં ખેતીનો સારા પ્રમાણ માં વિકાસ થયો નથી. મુખ્ય પાકો મગફળી, કપાસ અને બાજરી છે. સિંચાઈ મોટા ભાગે કુવાઓ દ્વારા કરવામાં આવે છે. [14]

## 2.5 દરિયા કિનારો

ભાવનગરનો દરીયાકિનારો અંદાજે 120 કિ.મી વિસ્તાર માં છે.[15] ગોપનાથજી પશ્ચિમ તરફ નો વિસ્તાર કરાડવાળો છે. ગોપનાથ અને ઘોઘા વચ્ચેનો કિનારો થોડો ઊંચો છે, ખંભાતનો કિનારો બધી બાજુએથી કાદવ- કીચડ અને છૂટા છવાયા રેતીના ઢૂવા તથા બેટ થી ઘેરાયેલાં છે. ઘોઘા થી ગોપનાથ આશરે 60 કિ.મી. દરિયાકિનારાના રેતાળ પટ અને પાણી ફરી વળે છે. ભાવનગર, મહુવા, ઘોઘા અને બીજા કેટલાક નાના નાના બંદર છે. પીરમ, માલબેંક, જેગારા, રોણિયા જેવા બેટ છે. હમણા અલંગના દરિયાકાંઠે જહાજ તોડવાના ઉધોગ વિકસ્યો છે.

## 2.6 ખાડીઓ

ભાવનગરમાં કેટલીક ખાડીઓ છે જેવી કે, કાળુભાર અને ઘેલા નદી દ્વારા બનેલી ખાડી છે. તે ભાવનગર શહેર અને ખંભાત ના અખાત વચ્ચે એક કેનાલ બનાવે છે. આ ખાડી ઉપર ભાવનગર નવું બંદર છે અને લોક ગેઈટ સિસ્ટમ ધરાવે છે. આ બંદર ભરતી ઓટના ઊંચા આરોહ અવરોહ તરીકે પ્રખ્યાત છે. સોનરાઈ ખાડી ભાવનગરથી ઉત્તર તરફ આશરે 13 કિ.મી. દૂર અરબી સમુદ્રમાં મળતી આ ખાડી છે. ભવિષ્યમાં આ ખાડી વિકસાવી શકાય એમ છે. મહુવા ખાડી માલણ નદીથી બની છે. જે મહુવાથી 7 કિ.મી. દૂર અરબી સમુદ્રમાં મળે છે. મોટા જૂવાળ વખતે આ ખાડીમાં વહાણ લાવી શકાય છે.

## 2.7 નદીઓ અને જળસંપત્તિ

સૌરાષ્ટ્ર માં ત્રિજયાકાર જળપ્રવાહ છે. આ પ્રદેશમાં નદીઓ મધ્યના ડુંગરાળ પ્રદેશમાંથી નીકળી પૈડાના આરાની માફક ચારે તરફ વહે છે. ભાવનગર એની અસર હેઠળ છે. ખાડા ટેકરીવાળી જમીનને લીધે નદીઓનો પ્રવાહ ઉતાવળો છે. તેથી શિયાળા અને ઉનાળા માં કાંપ રેહતો જ નથી.તેમજ પૂરનો ભય પણ રહે છે. શેત્રુંજી, માલણ

નદીઓમાં ચોમાસા સુધી પાણી સંગ્રહ થાય છે. ઘેલો, કાળુભાર, રંઘોળી, વેગડ, કાલ્બી, કેરી, ઉતાવળી અને બગડમાં ચાર થી છ મહિના પાણી રહે છે.

સૌથી મોટી નદી શેત્રુંજી છે. તે લગભગ 174 કિ.મી. લાંબી છે અને તેના કાંઠા ઉપર ૧૨૩ ગામ વસેલા છે. માલણ, બગડ, કાળુભાર, ઘેલો, કેરી , ધાતરવડી, ઝોલપૂરી, ભાદ્રોડી, માલેશ્રી, મણારી, ગોળી જેવી અન્ય નદીઓ છે.

## 2.8 સરોવરો અને તળાવો

1948 પહેલા ભાવનગર માં વળાવડ, આંબલા, રામધરી, શિહોર, અને બાડી પડવા સરોવર નો સમાવેશ થાય છે. ત્યારબાદ વરતેજ, દોલતી, ખૂંટવડા, ચોરવડલા, મુંજિયાસર, ઉતાવળો, પીકઅપ, વિચર, જેસર, બગડાણી, નાલ , માલપુર, ખારી, દુદા, ધરાઈ, પાલીતાણા થી દક્ષિણ- પૂર્વમાં માટીના બંધ દ્વારા મોટું જળાશય બાંધવામાં આવ્યું. આ ઉપરાંત નાના- મોટા તળાવો બાંધવા માં આવ્યા છે. આ દ્વારા વરસાદને પાણીને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 2.9 બંદરો

ભાવનગર ને વિશાળ દરિયા કિનારો મળ્યો હોવાથી ભાવનગર, તળાજા, મહુવા, પીપાવાવ, કથીવદર, સુંદરાઈ, સુલતાનપુરા, ઘોઘા જેવા બંદર છે. આયાત નિકાસ અને માછીમારી ઉદ્યોગનો વિકાસ પણ આ બંદરોમાં વિકસ્યો છે.

ભાવનગર રાજ્ય બાંધવામાં વાણિજ્ય એક ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ હતો. ભાવનગર અને પ્રારંભિક 18 મી સદીથી દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા, અરેબિયા સાથે વેપાર માટે લાલ સમુદ્ર સાથે જોડતી એક કડી હતી મૂળ બંદર **ભાવનગર જે હાર્બર** પર સ્થિત 1860 થી આ પોર્ટ પ્રકાશ દીવાદાંડી થી કાર્યરત હતું; જેને ઇ.સ. 1930 અંગ્રેજો દ્વારા મૂકાયેલા દેખરેખ અધિકારી જોહન્સન દ્વારા આધુનીકરણ કરવામાં આવ્યું હતું. અને તેમાં વખારો, અને રેલવે પરિવહન ઉમેરવામાં આવ્યા હતા. જૂના પોર્ટ સ્થાન પર ભારે કાદવ જામી જવાના કારણે 1950 માં ઓપરેશન કરી નવું પોર્ટ જે 8 કિ.મી. દક્ષિણમાં મૂળ બંદર કરતા દૂર વિકસાવવામાં આવ્યું હતું. 2001 ના ભૂકંપ માં આ બંદર ની દીવાદાંડી ને નુકશાન થયું હતું.

## 2.10 પર્વતો

ભાવનગરમાં બહુ મોટા પર્વતો નથી, નાની નાની ટેકરીઓ છે. શેત્રુંજય ડુંગર સૌથી મોટો છે. ભાવનગર જિલ્લામાં આવેલા શેત્રુંજય પર્વત તેના જૈન મંદિરો માટે સુપ્રસિદ્ધ છે. આ પર્વત પર ૯૦૦ થી વધુ જૈન મંદિરો આવેલા છે જે પાલીતાણા જૈન મંદિર તરીકે જાણિતા છે. તેમાં 24 તીર્થંકર ભગવાન ના મંદિર આવેલા છે. એ જૈન મંદિરો જૈન ના મુખ્ય પાંચ તીર્થોમાનું એક છે. શેત્રુંજય પર્વત તેના પર આવેલા જૈન મંદિરો થી વિશેષ પ્રખ્યાત છે. આ મંદિરો 11મી  તથા 12મી સદીમાં બનવામાં આવ્યા છે. આ મંદિરો માટે એવી એક માન્યતા છે કે તેમાં કેટલાય તીર્થંકરો એ નિર્વાણ એટલે કે મોક્ષ પ્રાપ્ત કર્યો છે. આ મંદિરો ને લીધે શેત્રુંજય પર્વત એક પર્યટન સ્થળ તરીકે પણ વિકસાવામાં આવ્યું છે. આ સિવાય ખોખરા, મોરધાર, ગેબર, થાપા, તળાજા, પાલીતાણાની ટેકરીઓ, માળનાથની ટેકરીઓ, શિહોર અને વાલ્લ્ભીપુરની ટેકરીઓ છે. [16]

## 2.11 વરસાદ,આબોહવા અને ભૂસ્તરશાસ્ત્ર

ભાવનગરમાં વરસાદ નું પ્રમાણ ઓછું છે. સરાસરી વરસાદ 600 મીલીમીટર એટલે કે 24 ઇંચ જેટલો પડે છે. જોકે દર વરસે આ પ્રમાણ જળવાતું નથી. 1918માં 6 ઇંચ વરસાદ થયો હતો. તો 1948માં 53 ઇંચ વરસાદ થયો હતો. [17]

આબોહવા એ માનવ પ્રવૃત્તિઓ ઉપર અસર કરે છે. ઉદ્યોગ, ધંધા, ખેતી, પશુપાલન, જંગલ, વગેરે તેના પર આધારિત છે. ભાવનગરની આબોહવા ત્રણ વિભાગોમાં વહેંચાયેલી છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું બીજા વિસ્તાર કરતા અહિયાં ગરમી અને ઠંડીનું પ્રમાણ વધુ હોય છે. શિયાળામાં જાન્યુઆરી આસપાસ ઉષ્ણતામાન ૫ થી ૬ સેન્ટીગ્રેડ સુધી નીચે જાય છે. ઉનાળામાં તાપમાન વધી જાય છે. મેં મહિનામાં 42 થી 43 સેન્ટીગ્રેડ તાપમાન પોહંચે છે. દક્ષિણ માં આવેલા મહુવા, ગોપનાથ, હાથબ, કોળિયાકમાં પ્રમાણમાં ગરમી ઓછી છે. દરિયા કિનારાના આ પ્રદેશમાં દરિયાઈ લહેરોની અસર ગરમી ને અંકુશ માં રાખે છે.[18]

### 2.11.1 આબોહવા

ભાવનગર એક ગરમ અર્ધ-શુષ્ક આબોહવા ( કોપ્પેન : BSh) ધરાવતું શહેર છે, મધ્ય જૂન થી શરુ થતાં ચોમાસા દરમિયાન શહેરનો સરેરાશ વરસાદ આસપાસ 550 મી.મી. રહે છે. નવેમ્બર થી ફેબ્રુઆરી દરમિયાન સરેરાશ તાપમાન આશરે 20 ° સે છે.

ઓછા ભેજ સાથે અને સમુદ્ર નજીક હોવાને કારણે, આબોહવા સમગ્ર વર્ષ દરમિયાન એકદમ ભેજવાળી રહે છે.

સૌથી વધુ રેકોર્ડ તાપમાન 54 ° C (129 ° F) 26 મે 1988 ના રોજ કરવામાં આવ્યો હતો જ્યારે સૌથી ઓછો રેકોર્ડ તાપમાન 2 ° સે (36 ° ફે) 11 ડિસેમ્બર 1973 હતો [9]

### 2.11.2 ભૂસ્તરશાસ્ત્ર

પશ્ચિમ ભારત વિસ્તારમાં સૌરાષ્ટ્ર એક ભૌગોલિક રીતે સક્રિય ભાગ લેછે, ધરતીકંપનું ઝોન 3 ના ઝોનિંગ નકશો બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે નોંધાયેલું છે. સમગ્ર પ્રદેશ અને ખાસ કરીને ભાવનગર આસપાસ વિસ્તાર અસ્થિર રહે છે.

૨૦૦૧, ૨૬ જાન્યુઆરી એ આવેલા સૌથી વિનાશક ભૂકંપ; જેમાં ગુજરાત ને ખુબ નુકસાન અને જાનહાનિ થયેલી, તેનું એપિક સેન્ટર ભાવનગર જીલ્લામાં જ રહેલું હતું. આ પૂર્વ સૌરાષ્ટ્ર માં ૯ ઓગસ્ટ ૨૦૦૦ થી 15 ડિસેમ્બર, ૨૦૦૦ વચ્ચે 132 ભૂકંપ ની સીરીઝ રેકોર્ડ કરવામાં આવી હતી. જેની તીવ્રતા 3.8m થી 0.5 મીટર હતી. પાંચ ભૂકંપ ની તીવ્રતા વધુ નોંધવામાં આવી હતી. ફેબ્રુઆરી ૧૭૦૫ માં આવેલા હારબંધ ધરતીકંપો આવેલું હોવાનું મનાય છે. જયારે પાળિયાદ આસપાસ (ભાવનગર 60 કિ.મી. ઉત્તર) જુલાઈ-ઓગસ્ટ 1938 દરમિયાન લગભગ બે મહિના માટે, 5 અને 6.0 મહત્તમ તીવ્રતાકરતાં વધુ તીવ્રતા વાળા ચાર ભૂકંપ સાથે આવ્યાનું નોંધાય છે. [19]

## 2.12 ખનીજ સંપત્તિ

વાલ્લ્ભીપુર, શિહોર, રાજુલા, સરોદ, પીપરાળા, વગેરે સ્થળોએથી ચણતર માટેના પથ્થર મળે છે. ચિરોડી પણ મળે છે. ભાવનગરમાં દરિયામાં ખનીજતેલની શકયતાઓ પણ છે. આ માટેના સંશોધન કાર્ય તરફ સરકાર ધ્યાન આપે તો સફળતા મળી શકે એમ છે. સમુદ્રના ખારા પાણીમાંથી મીઠાનો ઉદ્યોગ પણ વિકસાવ્યો છે.

ભાવનગર જીલ્લાની થોડી જમીન ને બાદ કરતા બાકીની જમીન લાવારસ થી બનેલી છે. ભૂખરા અગ્નિકૃત ખડકોથી બનેલી છે. [20]

## 2.13 ધરતીકંપ

સૌરાષ્ટ્ર- કચ્છની ભૂમિના પડમાં જવાળામુખી રહેલો છે. એમ વિદ્વાનો માને છે.[21] સ્કંદપુરાણોમાં નગરખંડમાં આ અંગે નો ઉલ્લેખ છે[22]. ભૂરચનાની દ્રષ્ટિ એ ભાવનગર મેદાનો હિમાલયની તળેટીના મેદની પ્રદેશોના જેવા અથવા સમકાલીન છે.ભાવનગર એ ધરતીકંપની પટ્ટીમાં છે. ધરતીકંપને લીધે જમીનની સપાટી ખૂબ ધીમી ક્રિયા દ્વારા ઊંચી નીચી થતી રહી છે. પરિણામે જળ હોય ત્યાં સ્થળ અને સ્થળ ને બદલે જળ એવું પણ થાય છે. ભાલ પ્રદેશ સમુદ્રના ગર્ભમાંથી ઉપર આવીને ખેડવા લાયક ભૂમિમાં ધરતીકંપના કારણે પલટાયો હશે એમ માનવામાં આવે છે.[23] ભાવનગર માં એપ્રિલ, 1919માં આંચકો આવ્યો હતો. ભાવનગર તથા સોનગઢ સુધી ૩૦ સેકંડ તેની અસર રહી હતી. જુલાઈ- ઓગસ્ટ, 1938 માં ધરતીકંપના આંચકાથી ભાવનગર અને પાળિયાદના કાચા મકાનો પડી ગયા હતા. 1968 અને 1970માં ધરતીકંપ ના આંચકાઓ આવ્યા હતા.[24]

## 2.14 વનસ્પતિ

ભાવનગરમાં જમીન વિસ્તારના ૨% વન હેઠળ છે. તેથી વનસ્પતિની બાબતમાં ભાવનગર જિલ્લો પછાત છે. ભાવનગરમાં મોટાભાગે સૂકા કાંટાવાળા જંગલો છે. આ પ્રકારના જંગલોમાં વનસ્પતિમાં ઝાડી ઓછી અને ઉગાડ નાનો હોય છે. આવા જંગલોમાં મળી આવતી ઔષધી તથા વનસ્પતિની જાતોમાં કોળો ધવ, ગોરદ, હરમો, સાલેડી, મોદડ, બોર, ગરમાળો મુખ્યત્વે છે. વનવિભાગ દ્વારા ઉછેર કરવામાં આવે છે.નીલગીરી, સુબાવળ, સાગ, સીસમ , સારું, વાંસ, ગુલમહોર, કાશીદ, ગાંડો બાવળ વગેરે છે.[25] ભાવનગરની વચ્ચે 'વિક્ટોરિયા પાર્ક' નામનું નાનકડું જંગલ છે. એ શહેરની એક વિશેષતા ગણાવી શકાય.

## 2.15 પશુ- પક્ષીઓ:

ભાવનગરમાં પાલતું પ્રાણીઓ ઉપરાંત વન્યપશુઓ જેવા કે નાર, ઝરખ , છીંકારા, દીપડો, કાળીયાર, નીલગાય, શાહૂડી, શિયાળ, સિંહ, જંગલી બિલાડા, વગેરે જોવા મળે છે.

ભાવનગરમાં પક્ષીઓને બે વિભાગમાં વહેંચી શકાય એક સ્થાનિક અને બીજા સ્થળાંતરકારી પક્ષીઓ. આ પ્રકારના પક્ષીઓ દેશ અને પરદેશમાંથી શિયાળો ગાળવા

ભાવનગર માં આવે છે. આ જુદા જુદા પક્ષીઓની સારી એવી યાદી ભાવનગર જીલ્લા સર્વસંગ્રહમાં આપવામાં આવી છે. ભાવનગર શહેરમાં આવેલા મહિલા બાગમાં હજારો પોપટ, પક્ષીઓના કલરવથી બગિચાની સાંજ આહ્લાદક બને છે.

## 2.16 ખેતી અને પશુપાલન

ભાવનગરમાં ખેતી અને પશુપાલન એ બે મુખ્ય વ્યવસાય તરીકે છે. આહીર, રાજપૂત, કણબી, ખરક, કોળી, પાલીવાળ, કાઠી વગેરે ખેતી તેમજ રબારી, ભરવાડ, પાલીવાળ પશુપાલન નો વ્યવસાય કરે છે.

ભાવનગર માં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકો, અનુસુચિત જાતિનો મોટો વર્ગ ખેત- મજૂર તથા શહેરોમાં મજૂર તરીકે કામ કરે છે.

ભાવનગરમાં બાજરી, જુવાર, ઘઉં, મગફળી, તલ, ડુંગળી, એ મુખ્ય પાકો છે. ફળોમાં દાડમ, જમરૂખ, બોર, ચીકુ, કેરી, નાળિયેર, વધારે પ્રમાણમાં થાય છે. લીંબુ ધાણા-જીરૂ જેવા પાકનું પ્રમાણ પણ ઠીક ઠીક છે. ગ્રામ્ય પ્રજા બાજરી અને જુવારનો ઉપયોગ વધારે કરે છે. શહેરીજનો ઘઉંનો ઉપયોગ વધારે કરે છે.

સમગ્ર દેશમાં લાલ-ડુંગળીનું સૌથી વધુ વાવેતર ભાવનગરમાં થાય છે.[26] ભાવનગરની જમીન વધુ ફળદ્રુપ ગણાતી નથી. સિંચાઈ થી ભાવનગરની ૧૩% જમીન ને જ લાભ મળે છે.[27] શેત્રુંજીથી વધારે ફાયદો થયો છે. ભીમડાદ , સુરજવાડી, ઘેલો, કાળુભાર, રંઘોળા ડેમ, ઉપરાંત કૂવાઓથી સિંચાઈ થાય છે. દુષ્કાળના સમયમાં સિંચાઈનું મહત્વ રહે છે.

પશુધનની વસ્તીમાં ભાવનગરનો ગુજરાતમાં આઠમો ક્રમ છે. આ પશુઓમાં ગાય, ભેંસ, ઘેટા-બકરા જેવા દુધાળા ઢોર ઉપરાંત બળદ, ઘોડા, વગેરે નો સમાવેશ થાય છે. ભાવનગરમાં 240 જેટલી દૂધ મંડળીઓ છે. દૂધની ડેરીની સ્થાપના પણ કરવામાં આવી છે.[28]

## 2.17 ઉદ્યોગ- ધંધા

ભાવનગરમાં રાજકોટ ની જેમ ઉદ્યોગનો વિકાસ થઇ શક્યો નથી. મોટા ઉદ્યોગો 60 અને નાના ઉદ્યોગો 2500 જેટલા છે.[29] પ્લાસ્ટિક, રબ્બર, કાપડ, રોલિંગ મિલ, તાંબા-પીતળ, ત્રાજવા, તોલમાપ, તેલ મિલો, દવા, રસાયણ, ખનીજ આધારિત ઉદ્યોગો, એક્સેલ ઇન્ડસટ્રીઝ, આલ્કોલ એશડાઉન, સ્ટીલકાસ્ટ, સમુદ્રદ્રવ્યોના સંશોધનો માટે

સેન્ટ્રલ મરીન કેમિકલ્સ એન્ડ સોલ્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ છે. મીઠાનો ઉદ્યોગ અને મંડળીઓ છે. સહકારી અને રાષ્ટ્રીયકૃત બેન્કોને ભાવનગર અને તાલુકા મથકોએ તેની શાખાઓ સ્થાપી છે. વણકર સહકારી મંડળીઓ,ઘર બાંધનારી , સહકારી મંડળીઓ, ખેડૂત, સહકારી મંડળીઓ તેમજ ચર્મ ઉદ્યોગ સહકારી મંડળીઓ વગેરે સ્થાપવામાં આવી છે. પરંતુ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં જે સહકારી સંસ્થાઓનો વિકાસ થયો છે. એવી પ્રવૃત્તિઓ અહિયાં વિકાસ પામી નથી. ધર્માદા પ્રવૃત્તિઓ તરફ લોકો વધુ ઉત્સુક રહે છે.

## 2.18 વસ્તી વિષયક

2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભાવનગરની વસ્તી 5,93,768 લોકોની હતી. સાક્ષરતા દર ૮૬% જે રાષ્ટ્રીય઼ સરેરાશ ૫૯.૫ કરતા ઘણો વધારે છે.[30]

## 2.19 શહેરના આયોજન અને આર્કિટેક્ચર

મલ્ટીપલ નગર રચના યોજનાઓ ડિઝાઇન અને ભાવનગર પ્રગતિશીલ શાસકોના માર્ગદર્શન હેઠળ અમલમાં આવી હતી. શાસન દરમિયાન તખ્તસિંહજી એ , બ્રિટિશ રાજ્ય ઇજનેર પ્રોક્ટોર સિમ્સ બાર્ટન લાઇબ્રેરી, સર તખ્તસિંહજી હોસ્પિટલ બાંધકામ પર દેખરેખ રાખી બંધાવ્યું હતું [31]

## 2.20 કુદરતી વારસો સાઇટ્સ




ફોટો 1 કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન

વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન ભારતમાં એક રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ઓળખાય છે.તે 34,08 કિ.મી. 2 વિસ્તાર પર ફેલાયેલ છે જે એક માત્ર ઉષ્ણકટિબંધીય ઘાસવાળી જમીન છે. આ પાર્ક માં મુખ્યત્વે કાળિયાર ,નીલગાય , શિયાળ , જંગલી બિલાડી, અને જંગલી સુવર તથા નાશપ્રાય પક્ષીઓ હોઉંબરા બસ્ટર્ડ, લેસર ફ્લોરિકન, સરસ વ્હાઇટ સ્તોર્ક્સ, સફેદ પેલિકન, મોન્ટાગુ, અને નિસ્તેજ હેરિયર સહિત રપ્તોર્સ

ગ્રેટર ઇગલ સ્પોટેડ, બાળ શાહી ઇગલ, બોનેલ્લી ઇગલ, ટૂંકા તોએડ, સાપ,અને લાંબા પગવાળું શંખ પણ પાર્કમાં જોવા મળે છે. વેળાવદર  નેશનલ પાર્ક ની આબોહવા સ્થળાંતર કરતા પક્ષીઓ પ્રજનન માટે શ્રેષ્ઠ સ્થળો પૈકીનું એક છે.

## 2.21 કલાનગરી ભાવનગર અને તેમાં જોવાલાયક સ્થળો

૨૦મી સદીના પ્રારંભે ગુજરાતમાં ચિત્રક્લાની આગેવાની ક્લાગુરુ રવિશંકર રાવળે લીધી હતી. તેમનો જન્મ ભાવનગરમાં થયો હતો. રંગોના રાજા ગણાતા સોમાલાલ શાહની કર્મભૂમિ પણ ભાવનગર છે એ સમયે એમણે ધર્મકુમારસિંહજીના પક્ષીવિષયક ગ્રંથ "ધિ બર્ડ્ઝ઼ ઓફ સૌરાષ્ટ્ર" માં રંગીન અને પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ ના પંખી જગત નામના પુસ્તકોમાં પક્ષીઓના રેખા-ચિત્રો દોર્યા છે.[32] લોક કલાના ખ્યાતનામ ચિત્રકાર શ્રી ખોડીદાસ પરમાર પણ ભાવનગરના હતા. તેમના ચિત્રોમાં લોક સહિત્યની છાંટ પ્રદર્શિત થાય છે.

ભાવનગર સ્થાપત્ય ની દ્રષ્ટિએ પણ ગુજરાત માં ખુબ જ પ્રચલિત છે. સ્થાપત્ય ના ઉમદા નમૂના આ શેહરે આપ્યા છે. થોડા સ્થાપત્યના  ઉદાહરણો નો અહીં સમાવેશ થાય છે:

- તખ્તેશ્વર મંદિર (1893) એક ઉચ્ચ ઊભણી પર એક ટેકરી પર સ્થિર થયેલ છે, જે  ભાવનગરને એક કમાન્ડિંગ દૃશ્ય આપે છે. ઉચ્ચ શીખર સ્તંભોવાળા લંબચોરસ મંડપ ઉપર વધતા તે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.



ફોટો 2 તખ્તેશ્વર મહાદેવ મંદીર

- ગંગાજળિયા (1893) એક મંદિર ગંગા-દેવી માટે સમર્પિત છે, જેમાં એક છત્રી, પેવેલિયન અને બધા સફેદ આરસપહાણના પૂલ છે. તે ભૂતપૂર્વ ટાંકી ના મધ્યમાં સ્થિર થયેલ છે.

- નીલમબાગ પેલેસ (1894), જે હવે હેરીટેજ હોટલ



ફોટો 3 નિલમબાગ પેલેસ

તરીકે પ્રખ્યાત છે. જે ૧૦ એકર માં વિશાળ સ્ટેટ વચ્ચે સુયોજિત થયેલ છે. તે બ્રિટિશ આર્કિટેક્ટ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યો હતો, તે આધુનિક દેખાવ સાથે ભારતીય સ્થાપત્ય તત્વો સાથે જોડાયેલા છે.

- બાર્ટન લાઇબ્રેરી (1895) જે ગુજરાતના સૌથી જૂની લાઈબ્રેરીઓ માની એક છે અને તેમાં પણ એક મ્યુઝિયમ આવેલું છે.



ફોટો – 4 બાર્ટન લાઇબ્રેરી

- ટાઉન હોલ (1932) અગાઉ દરબાર હોલ હતો, જ્યાં સર કૃષ્ણકુમારસિંહજી નો રાજ્યાભિષેક થયો હતો. તે વસાહત શૈલીમાં એક પ્રભાવશાળી માળખું ધરાવે છે

**જોવા લાયક સ્થળો**

1. નિલમબાગ પેલેસ
2. ભાવવિલાસ પેલેસ
3. ગૌરીશંકર તળાવ
4. ગંગા દેરી
5. ગંગા જળિયા તળાવ
6. મોતિબાગ ટાઉન હોલ
7. ગાંધી-સ્મૃતિ
8. સરદાર-સ્મૃતિ
9. શ્રી તખ્તેશ્વર મહાદેવ
10. વિક્ટોરિયા પાર્ક
11. બાર્ટન પુસ્તકાલય
12. શામળદાસ કોલેજ
13. આયુર્વેદ કોલેજ
14. શ્રી ગોળિબાર હનુમાનજી મંદિર

આધુનિક ભાવનગર માં તખ્તેશ્વર, કૃષ્ણનગર, સરદારનગર અને આસપાસના વિસ્તાર નો સમાવેશ થાય છે. 1935-1937 દરમિયાન, કૃષ્ણનગર વિસ્તાર નું આયોજન કરવામાં આવ્યું હતું અને અંતમાં શ્રી વિરેન્દ્રભાઈ .સી. મેહતા દ્વારા વિકસાવવામાં આવ્યું હતું, જે પછી, ભાવનગર રાજ્ય માટે સત્તાવાર નગર આયોજક હતા. 1975 માં, તેમણે ભાવનગર માટે માસ્ટર પ્લાન બનાવ્યો હતો.[33]

રસ્તા માં સુંદર બગિયા નગર આયોજન નું મુખ્ય લક્ષણ છે અન્ય બગિયાઓ જે ઘોઘા સર્કલ, મહિલા કોલેજ સર્કલ, રૂપાણી સર્કલ, મેઘાણી સર્કલ, શિવાજી સર્કલ, સરદારનગર સર્કલ, જ્વેલ્સ સર્કલ અને ક્રેસન્ટ સર્કલ પર સ્થિત થયેલ છે.

**વર્તમાન ભાવનગર શહેર**



ફોટો- 5 ગંગાજળિયા તળાવ અને એના વચ્ચે આવેલી ગંગાદેરીનું દૃષ્ય

ગુજરાતમાં ભાવનગર શહેરમાં પ્રારંભિક નગરો માનું એક હતું. જેમાં એક ભૂગર્ભ ગટર હતી [15] જે ગુજરાત માં સૌપ્રથમ ભાવનગર શહેર માં હતી જે કૃષ્ણકુમારસિંહજી દ્વારા સુયોજિત થઇ હતી જ્યાં પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ હતો. તે એશિયાનો સૌથી મોટો ગાળણ પ્લાન્ટ હતો.

## 2.22 શિક્ષણ

ભાવનગર માં વિવિધ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે ભાવનગર માં ગીજુભાઈ બધેકા, મનુભાઈ ભટ્ટ(સ્થાપક શિશુવિહાર) ,હરિભાઈ ત્રિવેદી અને તારાબેન મોદક નો ગ્રામીણ અને મહિલા શિક્ષણ વિકાસ માં મહત્વ નો ફાળો છે. જૂની સંસ્થાઓ પૈકી શામળદાસ આર્ટસ કોલેજ અભ્યાસ માં એક ઉચ્ચ શિક્ષણ પૂરું પાડે છે, અન્ય શિક્ષણ ની મહત્વ ની સંસ્થાઓ પૈકી ભાવનગર યુનિવર્સિટી , શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજ, ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ભાવનગર . અને કેટલીક શાળાઓ જેમ કે સિલ્વર બેલ્સ જાહેર શાળા અને અમરજ્યોતિ સરસ્વતી ઇન્ટરનેશનલ સ્કૂલ છે.

## ઉપસંહાર:

ભાવનગર શહેર ની ભૌગોલિક પરિસ્થિતિ અન્ય જિલ્લાઓ કરતા માનવ વસવાટ માટે ખૂબ સાનુકૂળ છે. તેની આબોહવા તથા વાતાવરણ એકંદરે અનુકૂળતા ધરાવે છે. નદીઓ , પહાડ અને નયનરમ્ય સ્થાપત્યોથી સજ્જ ભાવનગર જિલ્લો પોતાની એક આગવી ઓળખ ઊભી કરે છે.વ્યાપાર ની દ્રષ્ટિએ પણ ભાવનગર જિલ્લો દરેક સગવડતા ધરાવતો એક વિકસિત જિલ્લો છે. અમદાવાદ અને રાજકોટ બંને જિલ્લા થી સરખા અંતર ધરાવતો હોવા છતાં બંને જિલ્લાને જોડતા વાહનવ્યવહાર વિકસાવી ને પોતાની અનોખી છાપ ગુજરાત રાજ્ય પર છોડે છે. કલા નગરી ભાવનગર માં મોટા

ઉદ્યોગો અને વેપાર ધંધા વિકાસ પામ્યા છે. અલંગ બંદર વહાણ તોડવાના વ્યવસાય માટે ખૂબ જ જાણીતું બન્યું છે. જ્યાં દેશ વિદેશના વહાણો તૂટવા માટે આવે છે.ધોલેરા બંદર પણ અત્યારે વિકસાવામાં આવી રહ્યું છે જે ટૂંક સમયમાં ગુજરાત રાજ્યના વેપાર ધંધા ને વેગ પૂરો પાડશે. કુદરતી વારસારૂપે મળેલ અભ્યારણોમાં કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનનો સમાવેશ થાય છે. જે પરથી કહી શકાય કે ભાવનગર જિલ્લો માત્ર માનવ વસવાટ માટે જ નહિં પણ પશુ-પંખી, વેપાર- ઉદ્યોગો માટે પણ ખૂબ સાનુકૂળ છે. અને શેત્રુંજય પર્વત ઉપર આવેલા જૈન ધાર્મિક મંદિરો સંસ્કૃતિ અને ધર્મ નો પરિચય પણ કરાવે છે. આમ, ભાવનગર ની ભૌગોલિક પરિસ્થિતી માત્ર ભાવનગર જિલ્લાને જ નહીં પણ ગુજરાત રાજ્ય ને અલગ ઓળખ અપાવે છે.

# પાદનોંધ


1. https://translate.google.com/translate?depth=1&hl=gu&prev=search&rurl=translate.google.co.in&sl=en&u=https://en.wikipedia.org/wiki/Bhavnagar#cite_note-fallingrain-7
2. ગુજરાત સરકાર, '**ગુજરાત રાજય જિલ્લા સર્વ સંગ્રહ (ભાવનગર જિલ્લો)**' પૃ.1
3. કોરાટ, પી. જી. "**ભાવનગર રાજયનો ઇતિહાસ**",પૃ.4
4. એજન, પૃ.4
5. જેમ્સ મેકમર્દો ગાલા મણિલાલ (સંપાદન - ગુજરાતી), "**પ્રારંભિક ક્ષતીજો 19 મી સદી દરમિયાન કચ્છમાં જ્ઞાન સંશોધન**" પૃ.1
6. ભીમડાદર,મુંજાલ "**સ્થળનામોના પરિપેક્ષ્યમાં ભાવવનગર જિલ્લાનો ઇતિહાસ**" પૃ.154 થી 158
7. "**માનવ ભૂગોળ કે સિદ્ધાંત**", પૃ.16
8. એજન, પૃ.16
9. Ghate, V.D. "**The Teaching History**" પૃ.139
10. પાન્ડેય, શ્રીનેત્ર "**પ્રાચીન ભાગવત  કે ઇતિહાસ ખંડ-1**" પૃ.25
11. બક્ષી, ચંદ્રકાન્ત, "**સંસ્કાર અને સાહિત્ય**" પૃ.118
12. ગુજરાત રાજય જિલ્લા સર્વસંગ્રહ (ભાવનગર જિલ્લો), પૃ.2
13. એજન, પૃ.2
14. એજન, પૃ.2
15. એજન, પૃ.4
16. http://dharm.raftaar.in/religion/jainism/religious-places/palitana
17. ત્રિવેદી, મહેન્દ્ર રે. '**આવો ઓળખીએ આપણો જિલ્લો ભાવનગર**', પૃ.12,13
18. એજન, પૃ.14
19. "અને ભાવનગર આસપાસ ભૂકંપ ક્રમ" *(પીડીએફ)*. 10 જૂન 2008 ના રોજ સુધારો)
20. 'ગુજરાત રાજય જિલ્લા સર્વસંગ્રહ ' (ભાવનગર જિલ્લો) પૃ.13,14.
21. જોટે, રત્નમણિરાવ ભીમરાવ, ' ખંભાત નો ઇતિહાસ' પૃ.182
22. એજન, પૃ.182.

23. 'ગુજરાત રાજય જિલ્લા સર્વસંગ્રહ ' (ભાવનગર જિલ્લો) પૃ.11
24. એજન, પૃ.50
25. એજન, પૃ.29
26. એજન, પૃ.30
27. એજન, પૃ.31
28. એજન, પૃ.30
29. એજન, પૃ.30
30. 2011 માહિતિ ભાવનગર શહેર સેન્સસ
31. ફિલિપ વોર્ડ (1998). **ગુજરાત દમણ-દીવ : એક યાત્રા માર્ગદર્શન**, ઓરિએન્ટ Blackswan. પી. 280. ISBN 8125013830 .
32. પંડ્યા એ Jayavant. **"ભાવનગર: કલ, આજ ઔર કલ"**. મુંબઇ સમાચાર (ગુજરાતી). 13 સપ્ટેમ્બર 2015 ના રોજ સુધારો.
33. *ગુજરાત સ્ટેટ* Gazetteers, 1969 . *સરકારના ડિરેક્ટોરેટ. િ ટ કરો., સ્ટેશનરી અને પબ્લિકેશન્સ, ગુજરાત રાજ્ય. પી.* 538.

******